# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no:-૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


જા નં/મા-૨/પરિપત્ર/૨૦૨૪/168 તા.૦૪/૦૧/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,
સુરત જિલ્લાની સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ,
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ.

/- ઉક્ત પત્રથી જાણ તથા અમલવારી કરવા સારૂ...

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

**ખૂબ જ અગત્યનું/તાત્કાલિક**

# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,

સી-૬, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

**Email ID:- swo-sur@gujarat.gov.in** **ફોન નં .૦૨૬૧ – ૨૪૬૪૪૩૦**

**નં.ના.નિ.અજાક/પ્રિ-મેટ્રિક/૨૦૨૩-૨૪/ ૧૧૮૫૧/૧૨** **તા:-૦૪/૦૧/૨૦૨૪**

પ્રતિ
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સુરત
(૩) શાસનાધિકારીશ્રી, સુરત

વિષય :- વર્ષ ૨૦૨૩-૨૪ની અનુસૂચિત જાતિ(SC)ના ધો-૧ થી ૧૦ ના વિધાર્થીઓની પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ તથા સરસ્વતી સાધના યોજનાની બાકી કામગીરી પુર્ણ કરવા બાબત
સંદર્ભ:- અત્રેની કચેરીના પત્ર નં.નં.ના.નિ.અજાક/પ્રિ.મેટ્રિક/૨૦૨૩-૨૪/૩૪૦૪ થી ૩૪૦૭ તા.૧૫/૧૨/૨૦૨૩

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અનુસૂચિત જાતિના ધો-૧ થી ૧૦ ના વિધાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ: ૨૦૨૩-૨૪ અંતર્ગત શાળા કક્ષાએ પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ/સાયકલ સહાય યોજનાની ઘણી દરખાસ્તો પડતર રહેલ છે તેવું જણાયેલ છે. ૨(બે) એક્ષેલ ફાઇલ પણ આ સાથે મેઇલમાં સામેલ રાખેલ છે. એક એક્ષેલ ફાઇલમાં એવી શાળાઓની યાદી છે જેઓએ ડિજીટલ ગુજરાત પોર્ટલ પર પ્રપોઝલ બનાવેલ છે. પરંતુ પ્રપોઝલ સેન્ડ કરેલ નથી અને બીજી એક્ષેલ ફાઇલમાં એવા વિધાર્થીઓની યાદી છે જે વિધાર્થીઓના બેંક એકાઉન્ટ વેરીફાઇડ છે પરંતુ તેઓની પ્રપોઝલ બનાવવામાં નથી આવેલ.

આ અંગે શાળા લેવલ થી કરવાની થતી બાકી કાર્યવાહીની શાળાવાર યાદી વર્ષ ૨૦૨૩-૨૪ની આ સાથે સામેલ રાખેલ છે. જે નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર થી આપવામાં આવેલ છે અને બાકી રહેલ વર્ષ ૨૦૨૩-૨૪ની જરૂરી કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા સંદર્ભ પત્રથી દિન-૭ માં પુર્ણ કરવા જણાવવામાં આવેલ. પરંતુ હજુ જે બાબતે શાળા કક્ષાએ વર્ષ-૨૦૨૩-૨૪ની પ્રપોઝલ બનાવવાની બાકી હોય અને પ્રપોઝલ બનાવી હોય પરંતુ સેન્ડ કરવાની બાકી હોય **અને વર્ષ ૨૦૨૩-૨૪માં જે વિધ્યાર્થીઓની પ્રપોઝલ અત્રેની કચેરી દ્રારા પરત કરેલ છે તેવા વિધાર્થીઓના આધાર પુરાવા જે ક્વેરી આપેલ હોય તે આધાર પુરાવા અત્રેની કચેરીને રજુ કરવા અને ઉપર મુજબની તમામ કારગીરી પૂર્ણ કરી તે બાબતનું પ્રમાણપત્ર અત્રેની કચેરીને દિન-૭ માં મળી જાય તે રીતે કાર્યવાહી કરવા આપની કક્ષાએથી સૂચના આપવા વિનંતી છે.**

**વધુ માં જણાવવાનું કે વર્ષ ૨૦૨૩-૨૪માં હજુ ઘણી શાળાઓ દ્રારા ધોરણ ૦૯ની કન્યાઓની સાયકલની પ્રપોઝલ બનાવેલ નથી જેથી પ્રપોઝલ તાત્કાલિક બનાવી હાયર ઓથોરીટીને તાત્કાલિક દિન-૭માં સેન્ડ કરી આપવા આપની કક્ષાએથી જણાવવા વિનંતી છે.** જો કોઇ વિધાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહી જશે તો તેની તમામ જવાબદારી જે-તે શાળાના આચાર્યશ્રીની રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

બિડાણ - ૨(બે) એક્ષેલ ફાઇલ(ઇ-મેઇલ)

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

**નકલ સવિનય રવાના:**
**મે.નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર ,તરફ જાણ સારુ...**